PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/કવા–૦૧/૧૭–૧૮/ ૪૦૬૪ તા. ૧૬/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી કેશવજીભાઈ રૂડાભાઈ સરધારા,
૩૦૨ – શ્રીજી દર્શન ફલેટ,
શ્રી રામ પાર્ક– શેરી નં.–૧૧,,
બાલાજી હોલની પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
રાજકોટ
મો: ૯૭૨૭૬ ૪૭૪૪૮, ૯૯૨૪૫ ૫૦૪૨૮

વિષય :–નવુ ખેતીવાડી વીજજોડાણ નામબદલી સાથે ચાલુ કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૩/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-.૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૩/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: શ્રી કેશવજીભાઈ ભુરાભાઈ સરધારા, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

## : હુકમ :

ફરીયાદ : નવુ ખેતીવાડી વીજજોડાણ નામબદલી સાથે ચાલુ કરવા બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામઃ છતર ( તાલુકા : કાલાવડ) ના ખેતીવાડી સર્વે નંબર : ૩૯૪ પૈકી ૩ મા, તેઓ શ્રી એટલેકેશ્રી કેશવજીભાઈ ભુરાભાઈ સરધારા ના નામની, અગાઉ તા.૨૦–૦૬–૦૭ ના રોજ ની અરજી નોંધાયેલ હતી. જે, પીજીવીસીએલ તરફથી મંજુર કરી અને, મંજુરી નુ ભાવપત્રક, તેઓ શ્રી ના નામે અપાયેલ હતુ. અને આ સાથે અદ્યતન સ્થિતીના દસ્તાવેજીક પેપર્સ મંગાવેલ હતા. અરજદાર શ્રી ની ખાસ માંગણી છે કે, તેઓ શ્રી તરફથી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરાયેલ મુળ અરજી વાળા સર્વે નંબર મા એક જોડાણ હૈયાત હોય, જેથી, સદર મુળ એવી તા.૨૦–૦૬–૦૭ ના રોજ ની અરજી વાળુ જોડાણ, જે નામ બદલી અને, વારસાઈ ની રૂએ, વારસદાર ના નામની અન્ય જમીન પર શીફટીગ કરી આપવાની, અગાઉ તેઓ શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુઆત આપેલ હતી. પરંતુ, પીજીવીસીએલ તરફથી આ મુજબ ની, નામ બદલી અને શીફટીગ ની મંજુરી અન્વયે નુ ભાવપત્રક આપવાની કાર્યવાહી, આજદિન સુધી પીજીવીસીએલ દ્વારા કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ગામઃ છતર ( તાલુકા : કાલાવડ) ના ખેતીવાડી સર્વે નંબર : ૩૯૪ પૈકી ૩ મા, તેઓ શ્રી નામની અગાઉ તા.૨૦–૦૬–૦૭ ના રોજ ની અરજી મંજુર થતા, મંજુરી અન્વયે નુ ભાવપત્રક, જે અરજદાર શ્રી નેતા.૦૩–૦૯–૧૫ ના રોજ અપાયેલ હતુ. પરંતુ, માંગણી મુજબ ના સર્વે નંબર પર એક જોડાણ હૈયાત હોય, જેથી અરજદાર શ્રી કેશવજીભાઈ ભુરાભાઈ સરધારા એ, સદર તા.૨૦–૦૬–૦૭ ના રોજ ની અરજી વાળુ નવુ જોડાણ, '' જે મુળ ખેતીવાડી સર્વે નંબર : ૩૯૪ પૈકી ૩ માથી – તે જ છતર ગામ ના અન્ય સર્વે નંબર ૨૯૨ મા'' શીફટીગ મેળવવા માટે ની વિધીસર ની અરજી, જે સદર મંજુરી ના ભાવપત્રક ની અંતીમ તારીખ પહેલા પીજીવીસીએલ મા રજુ કરેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી , અરજદાર શ્રી કેશવજીભાઈ ભુરાભાઈ સરધારા ની સદર '' સર્વે નંબર શીફટીગ ની અરજી '' ની અરજી મંજુર કરી, અને અરજદાર શ્રી નેતા.૦૩–૦૯–૧૫ ના ભાવપત્રક મા પણ '' ખેતીવાડી સર્વે નંબર : ૩૯૪ પૈકી ૩ ને બદલે ખેતીવાડી સર્વે નંબર : ૨૯૨ મુજબ નો ફેરફાર કરી – નવેસર થી ભાવપત્રક જે તા.૧૩–૦૫–૧૭ ના રોજ અરજદાર શ્રી ને અપાયેલ છે. આ '' સર્વે નંબર શીફટીગ ની અરજી '' ની મંજુરી ની પ્રક્રીયા , જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેઓ શ્રી ના તા.૧૫–૦૫–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંઘાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, ખાસ કરીને – અરજદાર શ્રી કેશવજીભાઈ ભુરાભાઈ સરધારા ની સદર '' સર્વે નંબર શીફટીગ ની અરજી '' ની અરજી મંજુર કરી, અને અરજદાર શ્રી ને તા.૦૩-૦૯-૧૫ ના ભાવપત્રક મા પણ '' ખેતીવાડી સર્વે નંબર : ૩૯૪ પૈકી ૩ ને બદલે ખેતીવાડી સર્વે નંબર : ૨૯૨ મુજબ નો ફેરફાર કરી – નવેસર થી ભાવપત્રક જે તા.૧૩–૦૫–૧૭ ના રોજ અરજદાર શ્રી ને અપાયેલ છે. આ '' સર્વે નંબર શીફટીગ ની અરજી '' ની મંજુરી ની પ્રક્રીયા , જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેઓ શ્રી ના તા.૧૫–૦૫–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના તા.૧૫–૦૫–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ,પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**<u>નોંધ</u>** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.